| | |
|---|---|
| દાખલ તારીખ | ૩૧–૧૨–૨૦૨૫ |
| નોંધણી તારીખ | ૩૧–૧૨–૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૦૭–૦૪–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ : માસ : દિવસ: |

**મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. જે.ડી. પટેલ સાહેબની કોર્ટમાં, મુ. સતલાસણા.**

**ફોજદારી પરચુ. અરજી નં. ૬૭/૨૦૨૫**

**આંક :–૦૯**

અરજદાર :– રાવલ રવિપ્રસાદ મુલેશભાઈ,
ઉ.વ.આ.૭૨, ધંધો–વેપાર,
રહે. બાલાજી રેસીડેન્સી–૨, તા. સતલાસણા,
જિ.મહેસાણા.

<u>વિ રૂ ધ્ધ</u>

સામાવાળા:–૧. આચાર્યશ્રી,
શેઠ સી.એન. ઉચ્ચતર માધ્યમિક શાળા અને કે.એમ.કોઠારી હાઈસ્કૂલ, સતલાસણા, તા.સતલાસણા, જી.મહેસાણા.

૨. જન્મ મરણ નોંધણી અધિકારી તલાટીશ્રી મહોર,
રહે. મહોર, તા. વડાલી, જી.સાબરકાંઠા.

---

બાબતઃ– ગુજરાત સેકન્ડરી એજયુકેશન રુલ્સ–૧૨(એ)–૬ મુજબ શાળા છોડયાના પ્રમાણપત્રમાં સુધારો કરવા અરજ...

---

અરજદારપક્ષે – વિ.વ.શ્રી આર. એસ. દરજી.
સામાવાળા તર્ફે – કોઇ નહી.

---

// ઠરાવ //

(૧).. અરજદાર તર્ફે રજુ થયેલ અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર ઉપરોકત સરનામે પરિવાર સાથે રહે છે, અરજદારના લગ્ન આશરે ૨૦ વર્ષ અગાઉ થયેલ અને લગ્ન જીવનથી બે બાળકોનો જન્મ થયેલો જેમાં અરજદારની પુત્રી નામે રાવલ કીયાબેન નો જન્મ મહોર તા. વડાલી મુકામે તા.૨૦/૧૦/૨૦૦૮ ના રોજ થયેલ. તેઓની પુત્રીના જન્મ બાદ તેણીએ અભ્યાસ શરૂ કરેલ અને ધોરણ–૧૨ નો અભ્યાસ કે.એમ.કોઠારી હાઈસ્કુલ, સતલાસણા મુકામે કરેલ છે. અરજદારની પુત્રી ધોરણ–૧૨ અભ્યાસ છોડયા બાદ તેણે શાળા છોડયા અંગેનુ પ્રમાણપત્ર મેળવેલ જેના જનરલ રજી. નં. એચ.એસ.–૧૪૭૭૬ થી સર્ટી. નં. ૩૦૪૮૪ થી તા. ૦૫/૦૫/૨૦૨૫ ના રોજ કાઢી આપવામાં આવેલ જે પ્રમાણપત્રમાં શરતચુકથી કે ભુલથી અનુ. નં. ૫ માં જન્મ તારીખ ૨૦/૦૮/૨૦૦૮ ની નોંધાયેલી જાણ થયેલી પરંતુ, અરજદારની પુત્રીની સાચી અને ખરી જન્મ તારીખ ૨૦/૧૦/૨૦૦૮ છે. આમ અરજદારની પુત્રીના શાળા છોડયાના પ્રમાણપત્રમાં તેની જન્મ તારીખ ૨૦/૦૮/૨૦૦૮ શરતચુકથી કે ભુલથી ખોટી લખાયેલ હોઈ, અરજદારની પુત્રીને ભવિષ્યમાં તેની કારકીર્દિને નુકસાન ન થાય તેમજ દિકરીને વિદેશ જવા માટે વિઝા કઢાવવા તથા અન્ય સરકારી કામકાજ અર્થે જન્મ તારીખના દાખલાની તેમજ શાળાના પ્રમાણપત્રની જરૂર હોઈ, શાળાના પ્રમાણપત્રમાં સુધારો કરવો જરૂરી હોવાથી હાલની અરજ કરેલ છે.

(૨).. ત્યારબાદ, સદર કામના સામાવાળા કે.એમ.કોઠારી હાઈસ્કૂલના જુની. કલાર્ક ચૌહાણ અરૂણસિંહ નટવરસિંહને **આંક–૪** થી તપાસેલ છે. તેઓએ

જણાવેલ છે કે, તેઓ તા. ૦૧/૦૯/૨૦૧૮ થી જુનીયર કલાર્ક તરીકે ફરજ બજાવે છે. અરજદારની દીકરીએ તેઓની સ્કુલમાં ધો.૧૨ સુધી અભ્યાસ કરેલો. તેઓને માર્ક ૩/૨ થી રાવલ ક્રિયાબેન રવીપ્રસાદનું શાળા છોડયાનું પ્રમાણપત્ર બતાવવામાં આવે છે, જેમાં આચાર્ય તરીકે રણછોડભાઈની સહી છે. જે ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક-૦૫ આપવામાં આવેલ છે. વધુમાં,સદર શાળા છોડયાનાં પ્રમાણપત્રમાં સુધારો થાય તો તેઓને કંઈ વાંધો ન હોવાનું જણાવેલ છે.

(૩).. વધુમાં, સદર કામે અરજદારપક્ષે માર્ક-૩/૧ થી રજુ કરવામાં આવેલ અરજદાર રાવલ રવિપ્રસાદ મુલેશભાઈના આધાર કાર્ડની ખરી નકલ રજુ થયેલ છે. તેમજ માર્ક-૩/૩ થી ક્રિયાબેનના જન્મના દાખલાની નકલ રજુ કરવામાં આવેલ છે તેમાં અરજદારની દીકરીની જન્મ તા.૨૦/૧૦/૨૦૦૮ લખેલ હોવાનું જણાઈ આવે છે. માર્ક ૩/૪ થી આધાર કાર્ડની નકલ રજુ કરવામાં આવેલ છે. આમ, સદરહું દસ્તાવેજોથી અરજદારની આંક-૧ ની અરજીને સમર્થન પ્રાપ્ત થાય છે.

(૪).. ત્યારબાદ,અરજદારપક્ષ તરફે અરજદાર રાવલ રવિપ્રસાદ મુલેશભાઈ નાઓએ આંક-૦૬ થી તેઓની સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે. જેમાં પણ તેઓએ તેમની આંક-૦૧ ની અરજીની જણાવેલ હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે અને તેઓની આંક-૦૧ ની અરજમાં જણાવ્યા મુજબનો તેઓની પુત્રી ક્રિયાબેનના એલ.સી.માં જન્મ તારીખમાં સુધારો કરવા હાલની અરજ કરેલ હોવાનું જણાવેલ છે. તેમજ આંક-૦૭ થી રાવલ અર્પીતાબેન રવિપ્રસાદનુ સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે જેમાં તેઓએ અરજદારની

અરજીની હકીકતોને સમર્થન આપેલ છે.

(૫).. વધુમાં, આ કામે અરજદાર પક્ષે વિશેષ કોઇ પુરાવો આપવો નથી. તે મતલબની **આંક-૦૮** થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ છે. તેથી આ કામે કોઇ વિશેષ પુરાવો લેવામાં આવેલ નથી. ત્યારબાદ આ કામે દલીલો સાંભળેલ છે.

(૬).. આમ, અરજદારની અરજી સાથે રજૂ થયેલા દસ્તાવેજી અને મૌખિક પુરાવા અને અરજી સંલગ્ન *ધી ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન રેગ્યુલેશન ૧૯૭૪ ના નિયમો ધ્યાને લેતાં વિનીયમ નંબર.૧૨(એ)૫.(૧). માં નામમાં ફેરફાર અંગેના નિયમ છે. (૨). અટકમાં ફેરફાર માટે છે. (૩). પિતાના નામમાં ફેરફાર અંગેનો છે. (૪). જન્મ સ્થળમાં ફેરફાર અંગેનો છે. (૫). ધર્મ અને જાતિમાં ફેરફાર અંગેનો છે. વધુમાં નિયમ.૬ માં જણાવેલ છે કે, મેજીસ્ટ્રેટના હુકમ સીવાય વિધ્યાર્થીએ ખરેખર શાળા છોડી દીધા પછી શાળામાંની નોંધોમાં કોઇ પણ જાતનો ફેરફાર કરી શકાશે નહી.*

આ ઉપરાંત અરજદાર નું જન્મનું પ્રમાણપત્ર ધ્યાને લેતાં તેમાં રાવલ ક્રિયાબેન ની જન્મ તારીખ ૨૦/૧૦/૨૦૦૮ લખેલાની જણાઇ આવે છે અને જન્મનું પ્રમાણપત્રએ " Conclusive Proof " છે તેમજ તે દસ્તાવેજ વિરૂધ્ધનો કોઇ પણ પુરાવો સામાવાળાઓ તરફથી આ કામે રેકર્ડે રજૂ થયેલ નથી. જેથી જન્મનું પ્રમાણપત્ર ન માનવાને કોઇ કારણ રેકર્ડે જણાઇ આવતુ નથી. તેમજ ધી ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન રૂલ્સ, ૧૯૭૪ ની કલમ-૧૨ (એ)(૬) ધ્યાને લેતાં અરજદારની હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાઇ આવતી હોઇ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

- અરજદારની હાલની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે અને સામાવાળા આચાર્યશ્રી, શેઠ સી.એન.ઉચ્ચતર માધ્યમિક શાળા અને કે.એમ.કોઠારી હાઈસ્કૂલ સતલાસણા, તા.સતલાસણા,જી.મહેસાણા ને એવો હુકમ કરવામાં આવે છે કે, તેઓએ અરજદારની પુત્રી નામે રાવલ ક્રિયાબેન ના શાળા છોડયાના પ્રમાણપત્રમાં શરતચુકથી જન્મ તારીખ ૨૦/૦૮/૨૦૦૮ લખાયેલ છે. તેને બદલે અરજદારની પુત્રીની સાચી જન્મ તારીખ ૨૦/૧૦/૨૦૦૮ હોઈ, તે મુજબનો શાળા છોડયાના પ્રમાણપત્રમાં સુધારો કરી નવીન સ્કુલ લિવિંગ સર્ટિફિકેટ તૈયાર કરી આપવું. તેમજ નિયમોનુસાર થતી લેઈટ ફી લઇ એન્ટ્રી પાડવી.
- હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭-૦૪-૨૦૨૬
સ્થળ : સતલાસણા

**( જૈમિન ધીરુભાઈ પટેલ )**
**જ્યુડી. મેજી.ફ.ક., સતલાસણા**
**યુનીક જજ કોડ જીજે ૦૧૬૧૩**